સુરત મહાનગરપાલિકા
પ્રધાનમંત્રી આવાસ યોજના

મુખ્યમંત્રી ગૃહ યોજના (MMGY) અંતર્ગત સ્કીમ ટાઈપ LIG અને EWS તથા પ્રધાનમંત્રી આવાસ યોજના (PMAY) ફેઝ–૧ થી ફેઝ–૩,૪,૫ અંતર્ગત સ્કીમ ટાઈપ EWS-II માં વિવિધ કારણોસર ખાલી પડેલ કુલ–૧૪૫ આવાસોમાં વેઈટીંગ લિસ્ટ ઉપલબ્ધ ન હોવાથી સુરત મહાનગરપાલિકા દ્વારા આ ખાલી આવાસોની ફાળવણી કોમ્પ્યુટરાઈઝડ ડ્રો દ્વારા કરવામાં આવશે. આ માટે અગાઉની સદર આવાસ યોજનાઓના ઉપલબ્ધ વેઈટિંગ લિસ્ટમાં રહેલા ઈચ્છુક લાભાર્થીઓએ સ્વેચ્છાએ સંમતિપત્ર આપવાનું રહેશે.

- MMGY માં LIG સ્કીમ ટાઈપના વેઈટીંગ લિસ્ટના લાભાર્થીઓ LIG ની અન્ય સ્કીમ ટાઈપમાં ખાલી હોય તેવા આવાસોની પસંદ કરી સંમતિ આપી શકશે.
- MMGY માં EWS સ્કીમ ટાઈપના વેઈટીંગ લિસ્ટના લાભાર્થીઓ EWS ની અન્ય સ્કીમ ટાઈપમાં ખાલી હોય તેવા આવાસોની પસંદ કરી સંમતિ આપી શકશે.
- PMAY માં EWS-II સ્કીમ ટાઈપના વેઈટીંગ લિસ્ટના લાભાર્થીઓ EWS-II ની અન્ય સ્કીમ ટાઈપમાં ખાલી હોય તેવા આવાસોની પસંદ કરી સંમતિ આપી શકશે.
- PMAY ફેઝ–૨ માં EWS-II સ્કીમ ટાઈપના વેઈટીંગ લિસ્ટના લાભાર્થીઓ EWS-II ની અન્ય સ્કીમ ટાઈપમાં ખાલી હોય તેવા આવાસોની પસંદ કરી સંમતિ આપી શકશે.
- PMAY ફેઝ–૩,૪,૫ માં EWS-II સ્કીમ ટાઈપના વેઈટીંગ લિસ્ટના લાભાર્થીઓ EWS-II ની અન્ય સ્કીમ ટાઈપમાં ખાલી હોય તેવા આવાસોની પસંદ કરી સંમતિ આપી શકશે.

મુખ્યમંત્રી ગૃહ યોજના તથા પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત સ્કીમ ટાઈપ LIG, EWS અને EWS-II ટાઈપ સ્કીમમાં ખાલી હોય, તેવા આવાસોની વિગત.

અ. નં.	યોજનાનું નામ	યોજનાનો સ્કીમ કોડ	આવાસનું સ્થળ	સરનામું	આવાસોની સંખ્યા
૧	મુખ્યમંત્રી ગૃહ યોજના	LIG-3	"સુમન શ્વેત", ટી.પી.સ્કીમ નં.૪ (રૂંઢ–મગદલ્લા), ફા.પ્લોટ નં.૬૪	પોલીસ હાઉસીંગની પાસે, રૂંઢ, સુરત.	૦૨
૨		LIG-6	"સુમન ધારા", ટી.પી.સ્કીમ નં.૪ (રૂંઢ–મગદલ્લા), ફા.પ્લોટ નં.૬૩	પોલીસ હાઉસીંગની પાસે, રૂંઢ, સુરત.	૦૧
૩		EWS-5	"સુમન શકિત", ટી.પી.સ્કીમ નં.૪૮ (ભેસ્તાન), ફા.પ્લોટ નં.૬૯	બુરહાની સેન્ટર પાસે, ભેસ્તાન, સુરત.	૦૪
૪	પ્રધાનમંત્રી આવાસ યોજના	EWS-13	"સુમન સ્વર્ગ", ટી.પી.સ્કીમ નં.૨૭ (ઉત્રાણ–કોસાડ), ફા.પ્લોટ નં.૧૬૭	કુષ્ણકુંજ રેસીડેન્સી સામે, એમ્બી વેલીની ગલીમાં, ઉત્રાણ, સુરત.	૦૨
૫	પ્રધાનમંત્રી આવાસ યોજના (ફેઝ–૨)	EWS-29	"સુમન કેશવ", ટી.પી.સ્કીમ નં.૬૨ (ડિંડોલી–ભેસ્તાન–ભેદવાડ), ફા.પ્લોટ નં.૧૯૪ (R-26)	આંગન રેસીડેન્સીની બાજુમાં, સીલીકોન પામની પાછળ, કલરટેક્ષ ગેટ નં. ૦૩ ની સામે, ભેદવાડ–ડીડોલી, સુરત.	૦૫
૬	પ્રધાનમંત્રી આવાસ યોજના (ફેઝ–૩–૪–૫)	EWS-37/ P-1 પેકેજ–૧	સુમન વંદન–૧, ટી.પી.૪૫ (જહાંગીરપુરા–પીસાદ), ફા.પ્લોટ નં.૧૧૭ (પેકેજ–૧)	સાંઈ પૂજન એપાર્ટમેન્ટ બાજુમાં, પટેલનગર સોસાયટીની પાછળ, ડોકટર પાર્ક રોડ, જહાંગીરપુરા, સુરત.	૩૮
૭	પ્રધાનમંત્રી આવાસ યોજના (ફેઝ–૩–૪–૫)	EWS-37/ P-2 પેકેજ–૨	સુમન વંદન–૨, ટી.પી.૪૫ (જહાંગીરપુરા–પીસાદ), ફા.પ્લોટ નં.૧૧૭ (પેકેજ–૨)	સાંઈ પૂજન એપાર્ટમેન્ટ બાજુમાં, પટેલનગર સોસાયટીની પાછળ, ડોકટર પાર્ક રોડ, જહાંગીરપુરા, સુરત.	૨૩
૮	પ્રધાનમંત્રી આવાસ યોજના (ફેઝ–૩–૪–૫)	EWS-39	સુમન વાણી, ટી.પી.૪૪ (જહાંગીરાબાદ), ફા.પ્લોટ નં.૦૬	રમા કન્સ્ટ્રકશનની બાજુમાં, ડી–માર્ટની પાછળ, જહાંગીરાબાદ,ઉગત કેનાલ રોડ, જહાંગીરાબાદ, સુરત.	૨૮
૯	પ્રધાનમંત્રી આવાસ યોજના (ફેઝ–૩–૪–૫)	EWS-47	સુમન ચંદન, ટી.પી.૯ (પાલનપોર–ભેસાણ), ફા.પ્લોટ નં.૧૫૨	કેનાલ વોકની બાજુમાં, સીટી બસ ડેપોની નજીક,રોયલ પ્લેટીનમની બાજુમાં, પાલનપોર કેનાલ રોડ, પાલનપોર, સુરત.	૧૦

૧૦	પ્રધાનમંત્રી આવાસ યોજના (ફેઝ–૩–૪–૫)	EWS-49	સુમન સ્નેહ, ટી.પી.૧૬(પાલ), ફા.પ્લોટ નં.૧૧૪	સ્ટારવર્લ્ડ રેસીડેન્સીની બાજુમાં, બાગબાન સર્કલ પાસે, પાલ ગૌરવપથ રોડ, સુરત.	૨૮
૧૧	પ્રધાનમંત્રી આવાસ યોજના (ફેઝ–૩–૪–૫)	EWS-52	સુમન તૃપ્તી,ટી.પી.૪૮(ભેસ્તાન) ફા.પ્લોટ નં.૮૫	ઉધના–સચીન મેઈન રોડ, સરસ્વતી ટીમ્બર માર્ટની ગલીમાં, વડોદ હેલ્થ સેન્ટર પાસે,ભેસ્તાન, સુરત.	૦૪
				કુલ	**૧૪૫**

- મુખ્યમંત્રી ગૃહ યોજના તથા પ્રધાનમંત્રી આવાસ યોજનાની વિવિધ ફેઝ અંતર્ગત નીચે પત્રકના કોલમ નં.૫ માં દર્શાવેલ સ્કીમના લાભાર્થીઓએ સંમતિપત્ર તથા નીચે દર્શાવેલ વિગતો મુજબના પુરાવાઓ અત્રેની કચેરીએ રૂબરૂ હાજર રહી સંમતિપત્ર સાથે જમા કરાવવાનું રહેશે.

૧) અગાઉ ભરેલ અરજી ફોર્મની રસીદની ઝેરોક્ષ તથા અરજદાર અને સહ અરજદરના આધારકાર્ડની ઝેરોક્ષ (સ્વપ્રમાણિત કરેલ) અવશ્ય સામેલ કરવી.

૨) હાલમાં ભાડાના મકાનમાં રહેતા હોય તો, રહેઠાણનો ભાડા કરાર અને મકાન માલિકના નામનો લાઈટબીલ/વેરાબીલ ફરજીયાત રજુ કરવું તથા સંયુકત મિલકતમાં માલિકી હક ધરાવનાર તરફથી અરજદાર–સહ અરજદારને મિલકતમાં હકક–હિસ્સો જતો કર્યા અંગેનો રૂા.૩૦૦/– ના સ્ટેમ્પ પેપર પર સંમતિપત્ર સાથે લાઈટબીલ/વેરાબીલ રજુ કરવું.

૩) નીચે જણાવેલ આવક અંગે કોઈપણ એક પુરાવા ફરજીયાત રજુ કરવાના રહેશે.

અ) મામલતદાર દ્વારા પ્રમાણિત હાલનો આવકનો દાખલો.

બ) છેલ્લા નાણાકીય વર્ષનું ઈન્કમટેક્ષ રીર્ટન.

ક) છેલ્લા બે માસની પગાર સ્લીપ.(ફકત સરકારી/અર્ધસરકારી કર્મચારીઓ માટે)

ડ) ચાર્ટડ એકાઉન્ટન્ટનું પ્રમાણપત્ર.

અ. નં.	યોજનાનું નામ	યોજનાનો કોડ	યોજનાનું સ્થળ	નીચે જણાવેલ સ્કીમના લાભાર્થીઓ સંમતિપત્રક આપી શકશે.
૧	૨	૩	૪	૫
૧	મુખ્યમંત્રી ગૃહ યોજના	LIG- 3	"સુમન શ્વેત", ટી.પી.સ્કીમ નં.૪ (રૂંઢ –મગદલ્લા), ફા.પ્લોટ નં.૬૪	**મુખ્યમંત્રી ગૃહ યોજના** – LIG-7, LIG-11, LIG-12, LIG-19, LIG-21, LIG-22, LIG-23
૨		LIG- 6	"સુમન ધારા", ટી.પી.સ્કીમ નં.૪ (રૂંઢ –મગદલ્લા), ફા.પ્લોટ નં.૬૩	
૩		EWS-5	"સુમન શક્તિ", ટી.પી.સ્કીમ નં.૪૮ (ભેસ્તાન), ફા.પ્લોટ નં.૬૯	**મુખ્યમંત્રી ગૃહ યોજના** – EWS-1, EWS-2, EWS-3, EWS-6, EWS-7
૪	પ્રધાનમંત્રી આવાસ યોજના	EWS-13	"સુમન સ્વર્ગ", ટી.પી.સ્કીમ નં.૨૭ (ઉત્રાણ–કોસાડ), ફા.પ્લોટ નં.૧૬૭	**પ્રધાનમંત્રી આવાસ યોજના** – EWS-9, EWS-10, EWS-11, EWS-15, EWS-17, EWS-18, EWS-22, EWS-23, EWS-24, EWS-25
૫	પ્રધાનમંત્રી આવાસ યોજના (ફેઝ–૨)	EWS-29	"સુમન કેશવ", ટી.પી.સ્કીમ નં.૬૨ (ડિંડોલી–ભેસ્તાન–ભેદવાડ), ફા.પ્લોટ નં.૧૯૪ (R-26)	**પ્રધાનમંત્રી આવાસ યોજના – ફેઝ–૨** EWS-26, EWS-27, EWS-28, EWS-32, EWS-34, EWS-33, EWS-36, EWS-31
૬	પ્રધાનમંત્રી આવાસ યોજના (ફેઝ–૩–૪–૫)	EWS-37/P-1 પેકેજ–૧	સુમન વંદન–૧, ટી.પી.૪૫ (જહાંગીરપુરા–પીસાદ), ફા.પ્લોટ નં.૧૧૭ (પેકેજ–૧)	**પ્રધાનમંત્રી આવાસ યોજના – ફેઝ–૩,૪,૫** EWS-38, EWS-41, EWS-42, EWS-43, EWS-45, EWS-48, EWS-44, EWS-51
૭		EWS-37/P-2 પેકેજ–૨	સુમન વંદન–૨, ટી.પી.૪૫ (જહાંગીરપુરા–પીસાદ), ફા.પ્લોટ નં.૧૧૭ (પેકેજ–૨)	
૮		EWS-39	સુમન વાણી, ટી.પી.૪૪(જહાંગીરાબાદ), ફા.પ્લોટ નં.૦૬	
૯		EWS-47	સુમન ચંદન, ટી.પી.૯ (પાલનપોર–ભેસાણ), ફા.પ્લોટ નં.૧૫૨	
૧૦		EWS-49	સુમન સ્નેહ, ટી.પી.૧૬(પાલ), ફા.પ્લોટ નં.૧૧૪	
૧૧		EWS-52	સુમન તૃપ્તી, ટી.પી.૪૮(ભેસ્તાન), ફા.પ્લોટ નં. ૮૫	

નોંધ:–

(૧) ફકત મુખ્યમંત્રી ગૃહ યોજના તથા પ્રધાનમંત્રી આવાસ યોજના (ફેઝ–૧ થી ફેઝ–૩,૪,૫) અંતર્ગત વેઈટીગના જ ઈચ્છુક લાભાર્થીઓએ **તા.૦૧/૧૨/૨૦૨૬ થી તા.૩૧/૧૨/૨૦૨૬ સુધીમાં (૧૧:૦૦ થી ૨:૦૦, ૩:૦૦ થી ૫:૦૦ વાગ્યા સુધી–જાહેર રજાઓ સિવાય)** સંમતિપત્રક સ્વેચ્છાએ એફોર્ડેબલ હાઉસીગ સેલની કચેરી, વરીયાવી બજાર પોલીસ ચોકીની સામેની ગલી, ધાસ્તીપુરા, સુરત ખાતે જમા કરાવવાનું રહેશે. લાભાર્થીએ રૂબરૂ હાજર રહી ઉપરોકત્ત જણાવેલ પુરાવા સહિત સંમતિપત્રક આપવાનું રહેશે. ઉપરોકત્ત દર્શાવેલ તારીખોમાં સંમતિપત્રક જમા ન કરાવશો તો પાછળથી સંમતિપત્રક લેવામાં આવશે નહિ. જેની અચૂક નોંધ લેશો.

(૨) લાભાર્થીઓએ સંમતિપત્રકમાં દર્શાવેલ તમામ વિગતો ભરવાની રહેશે તેમજ બિડાણમાં દર્શાવેલ વિગતો સાથે રાખી સંમતિપત્રક આપવાનું રહેશે. સંમતિપત્રક આપ્યા પછી લાભાર્થી સંમતિપત્રક રદ કરાવી શકશે નહિ. મુખ્યમંત્રી ગૃહ યોજના તથા પ્રધાનમંત્રી આવાસ યોજનાના (ફેઝ–૧ થી ફેઝ ૩–૪–૫ સુધીના) વેઈટીગ લીસ્ટના લાભાર્થીઓ દ્વારા સંમતિપત્રક આપનાર લાભાર્થીનું નામ તેઓની મૂળ સ્કીમના વેઈટીગ લીસ્ટમાંથી રદ થવાપાત્ર છે તથા ફરી મૂળ સ્કીમમાં જઈ શકાશે નહિ. આપશ્રી દ્વારા સ્વેચ્છાએથી પસંદગી કરેલ અન્ય સ્કીમ ટાઈપમાં સંમતિપત્રક આપ્યેથી સુરત મહાનગરપાલિકા દ્વારા કોમ્પ્યુટરાઈઝડ ડ્રો ના માધ્યમથી આવાસ ફાળવે તે આવાસ મેળવવાની શરતે લેવા તૈયાર હોય એવા લાભાર્થીઓનો હવે પછી થનાર વેઈટીગના કોમ્પ્યુટરાઈઝડ ડ્રો માં સમાવેશ કરવામાં આવશે.

(૩) સંમતિપત્રક આપતી વખતે જે નામથી અરજદાર અને સહઅરજદાર તરીકે અરજીફોર્મ ભર્યુ હશે તે નામથી જ સંમતિપત્રક આપવાનું રહેશે.

(૪) મુખ્યમંત્રી ગૃહ યોજના તથા પ્રધાનમંત્રી આવાસ યોજનાનું સંમતિપત્રક ભરતા પહેલાં અગાઉ અરજીફોર્મ ભરેલ જેમાં જણાવેલ સુચનાઓ, શરતો તથા બાંહેધરીને ધ્યાને લઈ સંમતિપત્રક આપવાનું રહેશે. જે સુચનાઓ, શરતો તથા બાંહેધરીનો ભંગ કર્યેથી સુરત મહાનગરપાલિકા જે નિર્ણય લેશે તે લાભાર્થીઓને બંધનકર્તા રહેશે.

(૫) કોમ્પ્યુટરાઈઝડ ડ્રો માં સફળ થયેલા લાભાર્થી પ્રધાનમંત્રી આવાસ યોજનાની સ્કીમો જેવી કે, **AHP** (એફોર્ડેબલ હાઉસીગ ઈન પાર્ટનરશીપ), **BLC** (બેનીફીસયરી લેડ કન્સટ્રકશન), **CLSS** (ક્રેડીટ લિંક સબસીડી સ્કીમ), **ISSR (In Situ Slum Redevelopment)** નો લાભ લઈ શકશે નહી. ઉપરોકત્ત સદર સ્કીમો હેઠળ જેમણે અગાઉ લાભ લીધો હોય તેવા લાભાર્થીઓ પણ આ સ્કીમમાં લાભ લઈ શકશે નહી તેમજ ભારત દેશમાં પાકું મકાન, જમીનનો પ્લોટ, ફલેટ હોવો જોઈએ નહિ.

(૬) કોમ્પ્યુટરાઈઝડ ડ્રો વખતે આવાસોની સંખ્યામાં ફેરફાર સુરત મહાનગરપાલિકાને આધિન રહેશે.

(૭) મુખ્યમંત્રી ગૃહ યોજના તથા પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા આવાસો ફકત કોમ્પ્યુટરાઈઝડ ડ્રો દ્વારા ફાળવવામાં આવે છે તેમજ તેના હપ્તાની રકમ ડીમાન્ડ ડ્રાફટ/પે ઓર્ડરથી એફોર્ડેબલ હાઉસીગ સેલની કચેરી, વરીયાવી બજાર પોલીસ ચોકીની સામેની ગલી, ધાસ્તીપુરા, સુરત ખાતે સ્વીકારવામાં આવે છે. આથી જાહેર જનતાએ કોઈપણ વ્યકિતની વાતોમાં આવી જઈ ભરમાવું નહિ કે ભરોસો કરવો નહિ તથા અન્ય કોઈ ત્રાહિત વ્યકિતઓ સાથે નાણાંકીય વ્યવહાર કરવો નહિ. જો કોઈ લાભાર્થી અન્ય કોઈ ત્રાહિત વ્યકિતઓ સાથે નાણાંકીય વ્યવહાર કરશે તો તે અંગેની જવાબદારી સુરત મહાનગરપાલિકાની રહેશે નહિ. આ યોજના બાબતે વધુ માહિતી માટે સુરત મહાનગરપાલિકાના એફોર્ડેબલ હાઉસીગ સેલની કચેરી, ધાસ્તીપુરા, સુરત ખાતે રૂબરૂ મળવું અથવા ફોન નં.૬૩૫૯૯ ૦૬૮૯૧, ૬૩૫૯૯ ૦૯૨૭૨, ૬૩૫૯૯ ૦૯૨૭૧ થી સંપર્ક કરવાનો રહેશે.

23/11/26

એડીશનલ સીટી ઈજનેર(સિવિલ)
અને
ઈ.ચા.સીટી ઈજનેર.
સુરત મહાનગરપાલિકા